# :- વાર્ષિક વહીવટી અહેવાલ :-

## સને- ૨૦૧૩-૧૪

.......................................................................................................................

.......................................................................................................................

અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો વિભાગ
બ્લોક નં-૧૪, પાંચમો માળ, સરદાર ભવન
સચિવાલય, ગાંધીનગર

*************************************************************

# :- વાર્ષિક વહીવટી અહેવાલ :-

## સને- ૨૦૧૩-૧૪

## અનુક્રમણિકા



| અ.ન. | વિષય સૂચિ | પાના નં. |
|---|---|---|
| ૧. | ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમા લી. ના અહેવાલ બાબત | ૧ થી ૧૩ |
| ૨. | નિયામક શ્રી અન્નનાગરિક પુરવઠની કમગીરીની વિગત | ૧૫ થી ૪૭ |
| ૩. | નિયંત્રકશ્રી, કાનુનીમાપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક બાબતો ગાંધીનગર ની પ્રવૃતિ-રૂપરેખા | ૪૯ થી ૬૩ |
| ૪. | અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક કચેરી અમદાવાદ અમદાવાદ નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૬૫ થી ૮૭ |
| ૫. | રજીસ્ટ્રારશ્રી, ગ્રાહક તકરાર નિવારણ કમિશનની કચેરી અમદાવાદ ની વિગતો | ૮૭ થી ૯૩ |
| ૬. | મહેકમ વિષયકની કામગીરી તથા અપીલની વિગતો | ૯૫ થી ૯૭ |

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.

મુદ્દા નં-૧

સને ૨૦૧૩-૧૪ નો વાર્ષિક વહીવટી અહેવાલ પ્રસિધ્ધ કરવા બાબત.

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ., ની સ્થાપના તા.૦૨/૧૦/૧૯૮૦ નાં રોજ રાજય સરકાર ધ્વારા કંપની એકટ ૧૯૫૬ હેઠળ સરકારી કંપની તરીકે કરવામાં આવી છે. આ નિગમ સંપુર્ણપણે રાજય સરકારની માલિકીનું સાહસ છે. નિગમની સ્થાપનાના હેતુઓ મુખ્યત્વે જાહેર વિતરણ વ્યવસ્થાને સુદૃઢ કરવાનો છે, આ હેતુઓ સિધ્ધ કરવા માટે નિગમે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની થાય છે.

(૧) અનાજની પ્રાપ્તિ, સંગ્રહ જાળવણી તથા વ્યાજબી ભાવની દુકાનોને વિતરણ
(૨) ખાદ્યતેલોની પ્રાપ્તિ તથા વ્યાજબી ભાવની દુકાનોને વિતરણ
(૩) L.P.G. ની એજન્સીઓ, પેટ્રોલ પંપ અને તેનું વિતરણ
(૪) લેવીખાંડ અને અન્ય ચીજ વસ્તુઓની પ્રાપ્તિ અને વિતરણ તથા વ્યાજબી ભાવની દુકાનો મારફત વિતરણ

નિગમની કાર્યવાહી સને ૨૦૧૩-૧૪ નું વર્ષ નિગમની કાર્યવાહીનું ૩૪ મું વર્ષ હતું. આ વર્ષે પણ કેન્દ્ર સરકાર અને રાજય સરકારની જાહેર વિતરણ યોજના હેઠળની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમના અમલીકરણ આ નિગમે ચાલુ રાખેલુ છે. ગુજરાત રાજયમાં જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓનું વિતરણ જુદી જુદી યોજનાઓ હેઠળ હાથ ધરવામાં આવે છે, જેવી કે,

**લક્ષિત જાહેર વિતરણ યોજના :-**

લક્ષિત જાહેર વિતરણ યોજના અન્ન નાગરિક પુરવઠા વિભાગની સકલીત યોજના છે. આ લક્ષિત જાહેર વિતરણ યોજના ત્રણ ભાગમાં વહેંચાયેલી છે.

**(૧) બી.પી.એલ. (૨) અંત્યોદય (૩) એ.પી.એલ**

**(૧) ગરીબી રેખાથી નીચે જીવતાં કુટુંબો માટેની યોજના (બી.પી.એલ)**

આ યોજના અન્વયે ગરીબી રેખાથી નીચેના કાર્ડધારકો માટે આવકનું ધોરણ ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૩૨૪/- પ્રતિ માસ રાખવામાં આવેલ છે. અને શહેરી વિસ્તારો માટે રૂા.૫૨૪/- પ્રતિ વ્યકિત પ્રતિ માસ રાખવામાં આવેલ છે. આ યોજના તા.૧/૬/૧૯૯૭ થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ લાભાર્થીઓને નીચે મુજબ ઘઉ તથા ચોખાની ઉપલબ્ધી કરાવવામાં અવે છે.

(અ) ઘઉ:- તા.૧.૪.૨૦૧૩ થી કાર્ડદીઠ ૧૩ કીલોગ્રામ ઘઉ રૂા.૨/- ના ભાવે વિતરણ કરવામાં આવે છે. નિગમની પડતર કિંમત અને વિતરણ ભાવના તફાવતની રકમ

પ્રતિ કિલોગ્રામ રૂ.૩.૩૪ પૈસા રાજ્ય સરકાર ધ્વારા સબસીડી સ્વરૂપે ભોગવવામાં આવતી હતી. જુલાઈ–૨૦૧૩ થી ૩.૫૪ પૈસા રાજ્ય સરકાર ધ્વારા સબસીડી સ્વરૂપે ભોગવવામાં આવે છે.

**માહે એપ્રિલ–૨૦૧૩ થી માર્ચ–૨૦૧૪ સુધીમાં આ યોજના હેઠળ ૩૭૪૫૪૪ મે.ટન ઘઉંનું વિતરણ કરવામાં આવેલ છે.**

(બ) **ચોખાઃ**–આ યોજના હેઠળ પ્રતિ કિલોગ્રામ રૂ.૩.૦૦ ના ભાવ વ્યકિત દીઠ માસિક ૧ કિલોગ્રામ અને કાર્ડદીઠ મહતમ ૩.૫ કિલોગ્રામ મુજબ ચોખાના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. નિગમની પડતર કિંમત અને વિતરણ ભાવ તફાવતની રકમ પ્રતિ કિલોગ્રામ રૂ.૩.૯૭ પૈસા રાજ્ય સરકાર સબસીડી તરીકે ભોગવે છે. જુલાઈ–૨૦૧૩ થી રૂ.૪.૧૭ પૈસા રાજ્ય સરકાર ધ્વારા સબસીડી ભોગવવામાં આવે છે.

**વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન બીપીએલ યોજના હેઠળ ૮૭૬૨૮ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે.**

(ક) **સ્પેશીયલ એડહોક/એડીશનલ એલોટમેન્ટ અન્ડર બી.પી.એલ.**

બી.પી.એલ યોજનાની ઘઉંની બચત ફાળવણીનો જથ્થો બીપીએલ કાર્ડધારકોને કાર્ડદીઠ ૧૫ કિલોગ્રામ પ્રમાણે પ્રતિ કિલોના રૂ.૫.૪૦ ના ભાવથી તથા કાર્ડદીઠ ચોખા ૬.૫ કિલોગ્રામ પ્રતિ કિલોના રૂ.૭.૦૦ ના ભાવથી વિતરણ કરવાનું ઠરાવેલ છે. બી.પી.એલ સ્પે.યોજનામાં ઘઉ અને ચોખાની પડતર કિંમત મુજબ જથ્થો વિતરણ કરવામાં આવતો હોય રાજ્ય સરકારને કોઈ વધારાની સબસીડી ભોગવવાની થતી નથી અને બીપીએલ કાર્ડધારકોને ખુલ્લા બજાર કરતાં ઓછા ભાવથી ઘઉ–ચોખાની જથ્થો પ્રાપ્ત થઈ શકે.

**માહે એપ્રિલ–૨૦૧૩ થી માર્ચ–૨૦૧૪ સુધીમાં આ યોજના હેઠળ ૨૦૧૫૮૩ મે.ટન ઘઉ તથા ૧૬૦૫૭૧ મે.ટન ચોખાનું વિતરણ થયેલ છે.**

(ડ) બીપીએલ યોજનાના લાભાર્થીઓને ૩૫ કિલોગ્રામ પ્રમાણે અનાજ ઉપલબ્ધ કરાવવા માટે બીપીએલ યોજનાની ફાળવણી અન્વયે ખૂટતો જથ્થો એપીએલ યોજનામાંથી તબદીલ કરી "એપીએલ ટુ બીપીએલ" યોજના અંતર્ગત રૂ.૭.૫૦ પૈસા પ્રતિ કિલોગ્રામના ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. એપ્રિલ–૨૦૧૩ થી માર્ચ–૨૦૧૪ સુધીમાં આ યોજના હેઠળ ૧૮૪૮૨૦ મે.ટન ઘઉંનું વિતરણ થયેલ.

(૨) અંત્યોદય અન્ન યોજના :-

રાજ્યના ગરીબી રેખાથી નીચે જીવતાં બીપીએલ કુટુંબો પૈકી અત્યંત ગરીબ કુટુંબોને ઘઉ-ચોખાનું વિતરણ કરવા માટે ભારત સરકાર ધ્વારા બી.પી.એલ યોજના કરતાં નીચા ભાવથી આ યોજના હેઠળ ઘઉ-ચોખાનો જથ્થો ફાળવવામાં આવે છે.

(અ) **ઘઉઃ-** આ યોજના હેઠળ માહે એપ્રિલ-૨૦૧૩ થી જુન-૨૦૧૪ સુધીમાં નિગમની અંત્યોદય યોજનામાં ઘઉની પડતર કિંમત અને વિતરણ ભાવના તફાવતની રકમ પ્રતિ કિલોગ્રામ રૂા.૧.૦૦ પૈસા રાજ્ય સરકાર ધ્વારા નિગમને સબસીડી તરીકે ચુકવવામાં આવે છે. જુલાઈ-૨૦૧૩ થી રૂા.૧.૨૨ પૈસા રાજ્ય સરકાર ધ્વારા સબસીડી ચુકવવામાં આવે છે.

**માહે એપ્રિલ-૨૦૧૩ થી માર્ચ-૨૦૧૪ સુધીમાં અંત્યોદય અન્ન યોજના હેઠળ ૧૬૭૭૨૦ મે.ટન ઘઉનું વિતરણ કરવામાં આવ્યું હતું.**

(બ) **ચોખાઃ-** આ યોજના હેઠળ પ્રતિ કિલોગ્રામ રૂા.૩.૦૦ ના ભાવે કાર્ડદીઠ ૧૬.૦૦ કિલોગ્રામ મુજબ ચોખાના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. નિગમની ચોખાની પડતર કિંમત અને વિતરણ ભાવના તફાવતની રકમ પ્રતિ કિલોગ્રામ રૂા.૧.૦૬ પૈસા રાજ્ય સરકાર સબસીડી તરીકે ભોગવે છે. જુલાઈ-૨૦૧૩ થી રૂા.૧.૩૦ પૈસા રાજ્ય સરકાર ધ્વારા સબસીડી ભોગવવામાં આવે છે.

**માહે એપ્રિલ-૨૦૧૩ થી માર્ચ-૨૦૧૪ સુધીમાં અંત્યોદય અન્ન યોજના હેઠળ કુલ ૧૪૦૩૯૮ મે.ટન ચોખાના જથ્થાનું વિતરણ થયેલ છે.**

(૩) **ગરીબી રેખાથી ઉપર જીવતાં કુટુંબો માટેની યોજના (A.P.L):-**

આ યોજના હેઠળ ગરીબી રેખાથી ઉપર જીવતાં કુટુંબો સિવાયના તમામ કુટુંબોને આવરી લેવામાં આવેલ છે.

(અ) **ઘઉઃ-** આ યોજના હેઠળ હાલમાં પ્રતિ કિલોગ્રામ રૂા.૭.૫૦/- ના ભાવે કાર્ડદીઠ મહતમ ૧૫ કિલોગ્રામ ઘઉના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

**એપ્રિલ-૨૦૧૩ થી માર્ચ-૨૦૧૪ સુધીમાં એ.પી.એલ. યોજના હેઠળ ૪૦૮૨૩૭ મે.ટન ઘઉના જથ્થાનું વિતર્રણ થયેલ છે.**

(બ) **ચોખાઃ-** આ યોજના હેઠળ હાલમાં કેન્દ્ર સરકાર ધ્વારા માહે જુન-૨૦૦૮ થી ચોખાના જથ્થાની ફાળવણી બંધ કરેલ છે.

(૪) અન્નપુર્ણા યોજનાઃ– આ યોજનામાં ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના નિરાધાર વૃધ્ધો કે જેઓ રાષ્ટ્રિય નિરાધર વૃધ્ધો માટેની પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવાપાત્ર હોય પરંતુ પેન્શન મેળવતાં નથી તેવા નાગરિકોને માસિક ૧૦ કિલોગ્રામ ઘઉ વિના મુલ્યે આપવામાં આવે છે.

**વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન આ યોજનામાં ૧૮૨૬ મે.ટન ઘઉના જથ્થાનું તથા ૫૦ મે.ટન ચોખાનું વિતરણ થયેલ છે.**

**(૫) ધોરણ–૧ થી ૭ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને વિના મુલ્યે અનાજ વિતરણની યોજનાઃ–**

અમલવારી રાજયના શિક્ષણ વિભાગ ધ્વારા કરવામાં આવે છે, જેમાં અનાજના જથ્થાની પ્રાપ્તિ તથા વિતરણની કામગીરી ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમને સોંપવામાં આવેલ છે. કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી ધ્વારા ફાળવણી થયા મુજબના જિલ્લાઓમાં આ યોજનામાં માહે એપ્રિલ–૨૦૧૩ થી માર્ચ–૨૦૧૪ સુધીમાં ૩૦૭૦૮ મે.ટન ઘઉના જથ્થાનું ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ ફાળવેલ જથ્થાની પ્રાપ્તિ કરી વિતરણ થયેલ છે.

**ઓ.એમ.એસ.એસ.સ્કીમ અન્વયે ૨૦૧૩–૧૪ દરમ્યાન ૨૮૬૨૩ મે.ટન ઘઉ ખરીદી કરેલ છે જેનું આદિજાતિમાં વિતરણ થવા પામેલ છે.**

**(૬) ફુડ સિકયોરીટી (અન્ન બ્રહમ યોજના) :–**

જે વ્યકિત પાસે કોઈપણ પ્રકારનું રેશનકાર્ડ નથી તેવી અન્યંત ગરીબ/અશકત/નિરાધર વ્યકિત તેમજ હોસ્પીટલના બીછાને પડેલ દર્દી કે જેમને અનાજની જરૂરીયાત છે તથા સામાન્ય દેખાવ ઉપરથી યોગ્ય લાગે તેવી જરૂરીયાતમંદ વ્યકિત/કામદાર/ઘર વિહોણી એકલી વ્યકિત અથવા કુટુંબ(બાળકો સહિત), ઘર વિહોણા અને અનાથ બાળકો એટલે કે, સ્ટ્રીટ ચિલ્ડ્રન વગેરે પૈકી મામલતદારશ્રી/જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની સ્વવિવેક બુધ્ધિથી પસંદગી કરેલ લાભાર્થીને પ્રથમ તબકકે છ માસ માટે અન્નમ બ્રહમ નામની યોજનાનું કાર્ડ આપી માસિક ૧૦ થી ૧૫ કિલોગ્રામ અનાજ વિના મુલ્યે વિતરણ કરવામાં આવે છે. આ માટે રાજયની તમામ મામલતદાર કચેરીને ૧૦ કવીન્ટલ અનાજ ફાળવવાની યોજના અમલમાં છે. વર્ષ ૨૦૧૦–૧૧ થી આ યોજનાના નામમાં ફેરફાર કરી "અન્નમ બ્રહમ યોજના" કરેલ છે.

**વર્ષ ૨૦૧૩–૧૪ માં આ યોજના હેઠળ ૨૫૫ મે.ટન ઘઉનો જથ્થો વિતરણ કરવામાં આવેલ છે.**

(૭) વિલેજ ગ્રેઈન બેંક :–

પ્રસ્તુત યોજના ભારત સરકારની સુચના અનુસાર રાજ્યના કુદરતી આફતોના અસરગ્રસ્ત વિસ્તારો, આદિવાસી વિસ્તારો, અછતવાળા વિસ્તારો વિગેરેમાં ટી.પી.ડી.એસ. ના લાભાર્થીઓને ગ્રેઈન બેંક મારફત અનાજના વિતરણની કામગીરી કરવામાં આવે છે. રાજ્યમાં પ્રથમ તબકકામાં ૨૨૬ વિલેજ ગ્રેઈન બેંક કાર્યરત થયેલ છે. બીજા તબકકામાં રાજ્યના અન્ય ૪ જિલ્લાઓમાં(કચ્છ, દાહોદ, પંચમહાલ અને જુનાગઢ) વધુ ૧૨૮ વિલેજ ગ્રેઈન બેંક શરૂ કરવામાં આવેલ છે. વર્ષ–૨૦૧૩–૧૪ દરમ્યાન આ યોજના હેઠળ ૪૦ મે.ટન ઘઉ તથા ૧૪ મે.ટન ચોખાનું વિતરણ થયેલ છે. યોજનાવાર ફાળવણી–ઉપાડ તથા વિતરણની વિગતો નીચે મુજબ છે.

વર્ષ ૨૦૧૩–૧૪

(આંકડા મે.ટનમાં)

| યોજના | ઘઉ | | | ચોખા | | |
|---|---|---|---|---|---|---|
| | ફાળવણી | ઉપાડ | વિતરણ | ફાળવણી | ઉપાડ | વિતરણ |
| બી.પી.એલ | ૩૭૬૫૨૪ | ૩૭૬૫૨૪ | ૩૭૪૫૪૪ | ૧૭૩૮૪૪ | ૧૭૩૮૪૪ | ૮૭૬૨૮ |
| એ.એ.વાય | ૧૮૪૪૭૬ | ૧૮૪૪૭૬ | ૧૬૭૭૨૦ | ૧૫૫૬૦૪ | ૧૫૫૬૦૪ | ૧૪૦૩૯૮ |
| એપીએલ તથા એડહોક એપીએલ | ૧૧૯૪૬૬૦ | ૫૯૫૬૮૨ | ૫૯૩૦૫૭ | – | – | – |
| સ્પે.બી.પી.એલ | ૧૧૬૩૫૪ | ૧૧૨૧૨૪ | ૨૦૧૫૮૩ | ૪૬૨૧૪ | ૪૩૮૩૬ | ૧૬૦૫૭૧ |
| આદિજાતિ | ૧૧૧૩૬.૭૨ | ૧૧૧૩૬.૭૨ | ૩૦૭૦૮ | – | – | – |
| ઓએમએસએસ | ૩૦૦૦૦ | ૨૮૬૨૩ | – | – | – | – |

(૮) **લેવી ખાંડ** :– ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., લેવી ખાંડના જથ્થાબંધ નોમીની તરીકે કામ કરે છે. નિગમ રાજ્યના ૨૬ જીલ્લાઓના તથા અમદાવાદ શહેર મળી અંદાજે કુલ ૨૫૦ તાલુકાઓમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લેવીખાંડનું વિતરણ સરકારશ્રીની જાહેર વિતરણ પ્રણાલી તથા નિયત કરેલ ભાવે કરે છે વર્ષ ૨૦૧૩–૧૪ ની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | કુલ ફાળવણી (મે.ટન) | નિગમ ફાળવણી (મે.ટન) | ઉપાડ (મે.ટન) | વિતરણ(મે.ટન) |
|---|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૧૧૩૧૩.૮૦૦ | ૧૧૩૧૩.૮૦૦ | ૧૧૩૧૩.૮૦૦ | ૧૬૦૬૪.૧૦૦ |

(૯) **આયોડીન યુકત મીઠું (આદિજાતિ વિસ્તારો) ITDP**

**(અ) વર્ષ** –૨૦૧૩–૧૪ માં રાજ્ય સરકારે આદિજાતિ વિકાસ વિસ્તારોમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ૧૨ જિલ્લાઓ જેવા કે, બનાસકાંઠા, સાબરકાંઠા, ડાંગ આહવા, વડોદરા, ગોધરા, દાહોદ, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, વલસાડ અને નવસારીના કુલ–૫૪ તાલુકાઓનાં નિશ્રિત કરાયેલ પોકેટસ/કલસ્ટર્સ કાર્ડ ધારકોને રીફાઈન્ડ આયોડીન યુકત મીઠું પ્રતિ કીલો રૂા.૧.૦૦ ના રાહત દરે કાર્ડદીઠ એક કિલોના પ્રમાણમાં વિતરણ કરવાનું નકકી કરેલ છે. આ અંગે થનાર ખર્ચ સામે રાજ્ય

સરકારશ્રી દ્વારા નિગમને સબસીડી પુરી પાડવામાં આવે છે. સરકારશ્રી દ્વારા નીચેની વિગતે બજેટ ગ્રાન્ટ ફાળવણી કરેલ છે. જેની ખરીદી અને વિતરણની વિગતો નીચે મુજબ છે.

| બજેટ જોગવાઈ (રૂપિયા) | રીફા.આયો.મીઠાની ખરીદી (મે.ટન) | વિતરણ (મે.ટન) | મળેલ સબસીડી (રૂપિયા) |
|---|---|---|---|
| ૧,૮૦,૦૦,૦૦૦/– | ૫૮૨૩.૫૪૦ | ૪૭૮૨ | ૧,૩૧,૧૯,૧૩૦/– |

**(બ) બિન આદિજાતિ વિસ્તારોઃ–AAY-BPL**

રાજય સરકારના તા.૦૨/૦૯/૨૦૦૯ ના ઠરાવથી બિન આદિવાસી વિસ્તારોના તમામ જીલ્લાઓ અને તાલુકા ગોડાઉનોએથી અંત્યોદય અને બીપીએલ કાર્ડધારકોને પ્રતિમાસ કાર્ડદીઠ ૧ કિલોગ્રામ લેખે રીફા.આયો.મીઠાનો જથ્થો રાહત દર પ્રતિ કિલો રૂા.૧/– ના ભાવથી વિતરણ કરવાનું ઠરાવેલ છે. વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન થયેલ ખરીદી અને વિતરણની વિગતો નીચે મુજબ છે.

| બજેટ જોગવાઈ રૂપિયા | રીફા.આયો.મીઠાની ખરીદી (મે.ટન) | વિતરણ (મે.ટન) | મળેલ સબસીડી રૂપિયા |
|---|---|---|---|
| ૪,૬૦,૦૦,૦૦૦/– | ૧૬૮૨૯.૬૬૦ | ૧૩,૫૧૯.૫૦૦ | ૫;૨૧,૦૦,૫૭૨ |

(ક) સંકલિત બાળ વિકાસ યોજના (I.C.D.S.) હેઠળ નીચેની વિગતે રીફા.આયો.મીઠાના જથ્થાની ખરીદી અને વિતરણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

| વર્ષ | રીફા.આયો.મીઠાની ખરીદી (મે.ટન) | વિતરણ (મે.ટન) |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૩૭૧૧.૨૦૦ | ૫૪૫૪.૭૦૦ |

**(૧૦) વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન અન્ય કલ્યાણકારી યોજનાઓનું વિતરણ નીચે દર્શાવ્યા મુજબ છે.**

કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર સંચાલિત મધ્યાહન ભોજન યોજના તેમજ આઈ.સી.ડી.એસ યોજના હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ચીજ વસ્તુઓનું વિતરણ કરેલ છે.

મે.ટન

| કોમોડીટી | આઈ.સી.ડી.એસ | એમ.ડી.એમ |
|---|---|---|
| ફોર્ટીફાઈડ આટો | – | – |
| તુવેરદાળ | ૧૬૪.૦ | ૯૦૫૦.૦ |
| મગદાળ | ૧૨૫૦.૦ | ૬૧૬.૭ |
| ચણા | ૫૦૦.૦ | – |
| ચણાદાળ | ૧૬૧૩.૦ | ૯૦૩૩.૦ |
| ન્યુટ્રી કેન્ડી | ૧૨૮૧૪–પેકેટ | ૬૩૧૯– પેકેટ |

અન્ય વિવિધ યોજનાઓ હેઠળ ઘઉ અને ચોખાના વિતરણની માહિતી .

| યોજના | ઘઉ | ચોખા |
|---|---|---|
| કેન્દ્ર મધ્યાહન ભોજન યોજના (વિના મુલ્યે) | ૫૬૦૦૬.૬૭૦ | ૫૪૨૭૭.૭૪૬ |
| સંકલિત બાળ વિકાસ યોજના (આઈસીડીએસ) | ૨૧૩૩૩.૦ | ૩૪૬૨.૦ |
| ઈ.બી.બી.એસ.(વિના મુલ્ય) | – | – |
| ઈ.એફ.બી.એફ | ૩૮૬૧.૭ | – |

**(૧૧) ખાદ્યતેલ:–**

સરકારશ્રી ધ્વારા દર વર્ષે તહેવારોમાં રાહત ભાવે ખાદ્યતેલ માટે બફર સ્ટોક ખરીદી કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૩–૧૪ માટે રાજય સરકારે ૧૨૦૦૦ મે.ટન આર.બી.ડી. પામોલીન તેલનો બફર સ્ટોક કરવાનું નકકી કરેલ. કેન્દ્ર સરકારની રાજયોને રાહત દરે પુરો પાડવાની યોજના હેઠળ તેઓના જાહેર સાહસ એમ.એમ.ટી.સી/એસ.ટી.સી. ધ્વારા કેન્દ્ર સરકારની સબસીડી રૂા.૧૫.૦૦ પ્રતિ કિલોની રકમ જથ્થાની ખરીદી માટે ૧૦૦% એડવાન્સ રકમના ચુકવણાનો આગ્રહ રાખવામાં આવેલ જે બાબત પડતરમાં રહેતા વર્ષ દરમ્યાન આ યોજના હેઠળ આર.બી.ડી. પામોલીન તેલનો કોઈ જથ્થો પ્રાપ્ત ન થતાં વિતરણ થઈ શકેલ નથી જેથી રાજય સરકારને કોઈ સબસીડી ભોગવવાની થયેલ નથી.

**(૧૨) મધ્યાહન ભોજન યોજના:– (મ.ભો.યો.)**

કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર સંચાલિત મધ્યાહન ભોજન યોજના હેઠળ ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ., ઘઉ–ચોખા, ખાદ્યતેલ અને કઠોળની પ્રાપ્તિ અને સંગ્રહની કામગીરી કરે છે. કેન્દ્ર સરકારની યોજનામાં ધોરણ–૧ થી ૫ માં ભણતાં બાળકો માટે ઘઉ–ચોખા નો જથ્થો વિના મુલ્યે ફાળવવામાં આવે છે. જયારે ધોરણ–૧ થી ૭ ની અન્ય જરૂરિયાત માટે કઠોળ અને ખાદ્યતેલની ખરીદી નિગમ ધ્વારા હાથ ધરવામાં આવે છે.

**(વિતરણ આંકડા મે.ટનમાં)**

| વર્ષ | કપાસીયા તેલ |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૮૨૮૯ |

**(૧૩) સંકલિત બાળ વિકાસ યોજના ( આઈ.સી.ડી.એસ)**

આંગણવાડીના બાળકો તથા સગર્ભા સ્ત્રીઓ ધાત્રી માતાઓને પોષણયુકત આહાર મળી રહે તે માટે આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા ઘઉ–ચોખાની ફાળવણી કરવામાં આવે છે. નિગમ દવારા ઘઉમાંથી ફોર્ટીફાઈડ આટો તૈયાર કરાવી આંગણવાડી કેન્દ્રો ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ યોજનાની જરૂરીયાત મુજબ ચણા, કપાસીયા તેલ, ન્યુટ્રીકેન્ડી અને આયોડીન યુકત મીઠા નું નિગમ ધ્વારા મુકત બજારમાંથી જાહેર ટેન્ડર પ્રક્રિયા મારફત ખરીદી કરી ઉપલબ્ધ કરી વિતરણ કરવામાં આવે છે.

**( વિતરણ આંકડા મે.ટનમાં)**

| વર્ષ | કપાસીયા તેલ |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૪૩૯૭ |

મુદ્દા નં-૨૮

(૧) ચાર્ટ

નિયામકશ્રી અ.ના.પુ. કામગીરી




૧૫

વિભાગને લગતી યોજના હેઠળ ફાળવણી ઉપાડ અને વિતરણ અંગેની વિગત

૨૦૧૩-૧૪

જાહેર વિતરણ વ્યવસ્થા

ભારત સરકાર ૧લી જુન ૧૯૯૭થી લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ) હેઠળ વિતરણ કરવા રાજ્યને ઘંઉ અને ચોખાની ફાળવણી કરે છે. રાજ્ય સરકારવતી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ.લી., ધ્વારા ભારતીય ખાધ્ય નિગમના ડેપોમાંથી અનાજનો જથ્થો ઉપાડવામાં આવે છે. અને તેનું લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ) હેઠળ વિતરણ કરવામાં આવે છે.

> અનાજ

(૧) લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ)

ભારત સરકારે ૧લી જુન, ૧૯૯૭થી લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ) નામની નવી યોજના શરૂ કરેલ છે. જેનો અમલ ગુજરાત સરકારે પણ કરેલ છે જે બે ભાગમાં વહેંચાયેલી હતી. પરંતુ જુલાઇ-૨૦૦૧થી અંત્યોદય અન્ન યોજનાનો અમલ થતાં તે ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. જે નીચે પ્રમાણે છે. રાજ્ય સરકાર નિયત કરેલ જથ્થા અને ભાવ થી જાહેર વિતરણ યોજના હેઠળ નિયત થયેલ કેટેગરી પ્રમાણેના રેશનકાર્ડધારકોને વ્યાજબી ભાવની દુકાનો મારફત ઘંઉ, ચોખા, ખાંડ આયોડાઇઝડ મીઠું અને ખાધ્યતેલનું વિતરણ કરે છે

(૧) ગરીબી રેખાથી ઉપરનાં કુટુંબો માટેની યોજના (એપીએલ)

(૨) શહેરી વિસ્તાર માટે સરેરાશ માથાદીઠ માસિક આવક રૂ. ૫૦૧/- અને ગ્રામ્ય વિસ્તાર માટે માથાદીઠ આવક રૂ. ૩૨૪/-થી ઓછા માટે (બીપીએલ)

(૩) ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો પૈકી અત્યંત ગરીબ કુટુંબો માટે (અંત્યોદય યોજના)

C:\Documents and Settings\user\Desktop\Annual report.doc

१. ગરીબી રેખા ઉપરના માટેની યોજના (એપીએલ)

જે કુટુંબોની રૂ.૧ લાખ સુધીની આવક હોય તેવા કુટુંબો ને એપીએલ કાર્ડ આપવામાં

૨. બીપીએલ

અન્ન , નાગરિક પુરવઠા અને ગ્રા.બા વિભાગ ના ઠરાવ ક: પીડીએસ /૧૦૨૦૦૧/૫૯/ક તા.૧૬/૧૨/૨૦૧૩ થી બીપીએલ કાર્ડ આપવાનાં ધોરણો નક્કી કરાયેલ છે :

१. બી.પી.એલ સર્વે મુજબ ગ્રામ વિકાસ વિભાગની યાદીમાં ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા લાભાર્થીઓ બી.પી.એલ રેશનકાર્ડ મેળવવાપાત્ર રહેશે. યાદી પૈકીના ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા કુટુંબ માટે આવક ચકાસણી કરવાની રહેશે નહીં.

૨. ઉપરના (૧) મુજબની પાત્રતા ન ધરાવતા અરજદારના કુટુંબની સરેરાશ માથાદીઠ આવક શહેરી વિસ્તાર માટે રૂ. ૫૦૧/- થી ઓછી અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૩૨૪/- થી ઓછી હોય તેવા કુટુંબ ને બી.પી.એલ રેશનકાર્ડ આપવાનું રહેશે કુટુંબની સરેરાશ માથાદીઠ આવક કુટુંબના સભ્યોને ધ્યાને લઇ નક્કી કરવાની રહેશે. આવકને પ્રમાણિત કરવા માટે સબંધિત મામલતદારશ્રી અધિકૃત રહેશે.

3. અંત્યોદય અન્ન યોજના (એએવાય)

અન્ન , નાગરિક પુરવઠા અને ગ્રા.બા વિભાગ ના ઠરાવ ક: પીડીએસ /૧૦૨૦૦૫/ જીઓઆઇ/ ૧૧૭/પાર્ટ/ક તા.૨૫/3/૨૦૧૩ થી એએવાય કાર્ડ આપવાનાં ધોરણો નક્કી કરાયેલ છે

१. જમીન વિહોણા ખેતમજુરો, સીમાંત ખેડુતો, ગ્રામ્ય કારીગરો જેવા કે કુંભાર, ચામડું પકવનાર વણકરો, લુહાર, સુથાર, ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો અને અવિધિસર સેક્ટરમાં દૈનિક ધોરણે પોતાનું ગુજરાન કમાતા જેવાકે માલસામાન ઉચકનાર કુલી, રીક્ષા ચાલક, હાથલારી ચલાવનારા, ફળફળાદી અને ફુલ વેચનાર, મદારીઓ, કાગળ વીણનાર અને વંચિત તથા આવી જ કેટેગરીમાં આવતા અન્ય ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતા લોકો.

૨. વિધવા સંચાલિત કુટુંબો અથવા બિમાર વ્યક્તિઓ/અશક્ત વ્યક્તિઓ, ૬૦ વર્ષની ઉંમરની વ્યક્તિઓ અથવા તેથી વધારે ઉંમરની વ્યક્તિઓ કે જેમને જીવન નિર્વાહ માટેનું સાધન ન હોય અથવા સામાજિક આધાર ન હોય.

3. વિધવાઓ અથવા બિમાર અથવા અશક્ત વ્યક્તિઓ અથવા ૬૦ વર્ષની ઉંમર કે તેથી વધારે ઉંમરની વ્યક્તિઓ અથવા એકલ સ્ત્રીઓ અથવા એકલ પુરુષો કે જેમને કુટુંબ ન હોય અથવા સામાજિક આધાર ન હોય અથવા જીવન નિર્વાહ માટેનું સાધન ન હોય.

૪. તમામ ...

. તમામ આદીમ આદિવાસી કુટુંબો.

૫. બી.પી.એલ કાર્ડધારક એચ.આઇ.વી ગ્રસ્ત વ્યક્તિ

૬. બી.પી.એલ કાર્ડધારક એચ.આઇ.વી ગ્રસ્ત વ્યક્તિ

૭. શારીરિક ખોડખાંપણવાળી વ્યક્તિ (અપંગ)

યોજનાવાર અનાજના વિતરણ અંગે ભાવની વિગતો નીચે મુજબ છે.

૧. બીપીએલ કાર્ડધારક (માર્ચ-૨૦૧૪)

| વસ્તુ | વ્યક્તિદીઠ મળવાપાત્ર જથ્થો | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ (રૂ.પૈસા) |
|---|---|---|---|
| ઘંઉ | - | ૧૩.૦૦કિ.ગ્રા. | ૨.૦૦ (પ્રતિકિલો) |
| ઘંઉ (સ્પે.બીપીએલ) | - | ૧૬.૦૦ કિ.ગ્રા. | ૭.૫૦ (પ્રતિ કિલો) |
| ચોખા | - | ૩.૦૦ કિ.ગ્રા. | ૩.૦૦ (પ્રતિ કિલો) |
| ચોખા (સ્પે.બીપીએલ) | - | ૩.૦૦ કિ.ગ્રા. | ૭.૦૦ (પ્રતિ કિલો) |
| ખાંડ | ૩૫૦ ગ્રામ | - | ૧૩.૫૦ (પ્રતિ કિલો) |
| આયોડાઇઝ્ડ મીઠું | ૬ વ્યક્તિ સુધી | ૧.૦૦ કિ.ગ્રા. | ૧.૦૦ (પ્રતિ કિલો) |
| | ૬ વ્યક્તિથી વધુ વ્યક્તિ માટે | ૨.૦૦ કિ.ગ્રા. | ૧.૦૦ (પ્રતિ કિલો) |

૨. અંત્યોદય કાર્ડધારક માર્ચ-૨૦૧૪.

| વસ્તુ | વ્યક્તિદીઠ મળવાપાત્ર જથ્થો | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ (રૂ.પૈસા) |
|---|---|---|---|
| ઘંઉ | - | ૧૯.૦૦ કિ.ગ્રા. | ૨.૦૦ (પ્રતિ કિલો) |
| ચોખા | - | ૧૬.૦૦ કિ.ગ્રા. | ૩.૦૦ (પ્રતિ કિલો) |
| ખાંડ | ૩૫૦ ગ્રામ | - | ૧૩.૫૦ (પ્રતિ કિલો) |

C:\Documents and Settings\user\Desktop\Annual report.doc

| | | | |
|---|---|---|---|
| [illegible] માટે | ૬ વ્યક્તિ સુધી | ૧.૦૦ કિ.ગ્રા. | |
| | ૬ વ્યક્તિથી વધુ વ્યક્તિ માટે | ૨.૦૦ કિ.ગ્રા. | ૧.૦૦ [illegible] |

૩.. એપીએલ કાર્ડધારક માર્ચ-૨૦૧૪.

| વસ્તુ | વ્યક્તિદીઠ મળવાપાત્ર જથ્થો | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ (રૂ.પૈસા) |
|---|---|---|---|
| ઘંઉ | ૨.૫૦ કિ.ગ્રા. | ૧૫.૦૦ કિ.ગ્રા. | ૭.૫૦ (પ્રતિ કિલો) |

૪. રાંધણગેસ નહિં ધરાવતાં તમામ રેશનકાર્ડ ધારકો

| વસ્તુ | વ્યક્તિદીઠ મળવાપાત્ર જથ્થો | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ (રૂ.પૈસા) |
|---|---|---|---|
| કેરોસીન | ૨ લીટર | ૮ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહત દરે |

~~અ.ના.પુ.~~ અને ગ્રા.બા. વિભાગને લગતી બીપીએલ, એપીએલ અને અંત્યોદય હેઠળ થયેલ ઘંઉ, ચોખા નાં જથ્થાની વર્ષ-૨૦૧૩-૧૪ દરમિયાન થયેલ ફાળવણી ઉપાડ અને વિતરણની માહિતી દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

(આંકડા મે.ટનમાં)

| યોજના | ઘંઉ | | | ચોખા | | |
|---|---|---|---|---|---|---|
| | ફાળવણી | ઉપાડ | વિતરણ | ફાળવણી | ઉપાડ | વિતરણ |
| બીપીએલ | ૫૩૦૧૦૪ | ૫૨૫૨૬૪ | ૫૭૬૧૨૭ | ૨૩૮૭૬૩ | ૨૩૪૬૧૧ | ૨૪૮૧૦૨ |
| એપીએલ | ૧૧૯૪૬૬૦ | ૫૯૫૬૮૧ | ૫૯૩૦૪૫ | - | - | - |
| એએવાય | ૧૮૪૪૭૬ | ૧૮૪૪૭૬ | ૧૯૭૭૨૦ | ૧૫૫૬૦૪ | ૧૫૫૬૦૪ | ૧૪૦૩૯૮ |

માર્ચ -૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં આવેલ વાજબીભાવની દુકાનો અને યોજનાવાર કાર્ડ જનસંખ્યાની માહિતી નીચે મુજબ છે.

૧. કુલ પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર ( સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો ૧૬૨૩૬

૨. AAY કાર્ડ ૭૫૮૧૯૧ જનસંખ્યા ૪૦૬૭૩૫૫

3. BPL કાર્ડ ૨૫૪૦૯૨૯ જનસંખ્યા ૧૫૧૨૮૦૬૬

૪. APL-1 કાર્ડ ૭૪૫૨૪૮૫ જનસંખ્યા ૩૫૫૫૬૧૦૯

૫. APL-2 કાર્ડ ૩૩૪૬૧૪ જનસંખ્યા ૧૪૮૦૭૧૫

(૨) અન્નપુર્ણા યોજના :-

અન્નપુર્ણા યોજના હેઠળ ૬૫ વર્ષ કે તેથી ઉપરના નિરાધાર વૃધ્ધો કે જેઓ રાજ્યની પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવાપાત્રતા ધરાવતા હોય પરંતુ પેન્શન મેળવતા ન હોય તેવા લાભાર્થીને માસિક ૧૦ કિ.ગ્રા. અનાજ વિનામૂલ્યે અન્નપુર્ણા યોજના હેઠળ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજયમાં વર્ષ ૧૩-૧૪ માં -૧૮૪૭ ટન ઘંઉનું વિતરણ કરવામાં આવેલ છે. આ તમામ વિનામૂલ્ય વિતરણ હોઇ, રાજય સરકારે ૩.૯૮.૬૩ લાખ ની સબસીડી ભોગવેલ છે

(3) અન્નમ બ્રહ્મ યોજના :-

નામદાર સુપ્રીમ કોર્ટ ની રીટ પીટીશન નં ૧૯૬/૨૦૦૧ માં તા.૨૯/૧૦/૨૦૦૨ ના આદેશથી ભૂખમરા અને કુપોષણને કારણે થતા મૃત્યુ અટકાવવા માંટે રાજ્ય ની ફરજ જણાવી જરૂરી પગલાં લેવા આદેશ આપેલ , તે અનુસાર રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૧૦ થી અન્નમ બ્રહ્મ યોજના અમલમાં મુકેલ છે.

~~આ~~ યોજના ના લાભાર્થીની પાત્રતા નીચે મુજબ છે

૧. જે વ્યક્તિ કે કુટુંબ પાસે કોઇપણ પ્રકારનું રેશનકાર્ડ નથી.

૨. અત્યંત ગરીબ/અશકત / નિરાધાર વ્યક્તિ

3.હોસ્પિટલના બિછાને પડેલ દર્દી કે જેમને અનાજની જરૂરીયાત છે

૪. સામાન્ય દેખાવ પરથી યોગ્ય લાગે તેવી જરૂરીયાતમંદ વ્યક્તિ/કામદાર

૫.ઘરવિહોણા અને અનાથ બાળક એટલે કે સ્ટ્રીટ ચીલ્ડ્રન

ઉપયુકત પાત્રતા ધરાવતી વ્યક્તિ/કુટુંબની પસંદગી મામલતદાર/જીલ્લા પુરવઠા અધિકારીશ્રીની સ્વવિવેક બુધ્ધિ ઉપર કરવાની રહે છે

C:\Documents and Settings\user\Desktop\Annual report.doc

" [illegible] ની રકમ રાજ્ય સરકારે ભોગવેલ છે.

(૪) વીલેજ ગ્રેઇન બેંક

ભારત સરકારની ગાઇડ લાઇન્સ મુજબ બીપીએલ અને એ એવાય કુટુંબો તેમજ કુદરતી આફતોના અસરગ્રસ્તો, અછત વિસ્તાર, આદિજાતિ વિસ્તાર, પહાડી વિસ્તાર અને પૂરગ્રસ્ત વિસ્તારના કુટુંબોને લાભ આપવા વીલેજ ગ્રેઇન બેંક યોજના શરૂ કરેલ હતી. બેંક દીઠ બીપીલ/એએવાય કેટેગરીના કુલ ૪૦ કુટુંબો રાખવાના રહે છે અને આવા લાભાર્થી કુટુંબ તરફથી માંગણી થયેથી કુટુંબદીઠ એક કિવન્ટલ અનાજ આપવાનું અને તે એક વર્ષમાં પરત કરવાનું રહે છે આ લાભાર્થી જો વિલેજ ગ્રેઇન બેંકમાંથી મેળવેલ અનાજ પરત ન કરી શકે તો તે જાહેર વિતરણ યોજના હેઠળ મળવાપાત્ર અનાજમાંથી અનાજ બેંકને પરત કરી શકે છે અથવા નાણા પણ જમા કરાવી શકે છે

મંજુર થયેલ વિલેજ ગ્રેઇન બેંકનું સંચાલન ગ્રેઇન બેંક ની એકઝીક્યુટીવ કમિટીએ કરવાનું રહે છે અને આ એકઝીક્યુટીવ કમિટી એનજીઓ/સેલ્ફ હેલ્પગૃપ/પંચાયતની બનાવવાની રહે છે

વિલેજ ગ્રેઇન બેંકના સંચાલકને એક જ વખત ની રૂ. ૧૨૨૦૦/- ની સબસીડી તથા ૪૦ કિવન્ટલ અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે . આ સંચાલકે લાભાર્થીવાઇઝ તેને આપવામાં આવેલ અનાજની લેવડ-દેવડનો હિસાબ લાભાર્થીદીઠ રાખવાનો રહે છે . રાજ્યમાં કુલ બે તબક્કામાં કુલ : ૩૫૪ વિલેજ ગ્રેઇન બેંક મંજુર થયેલ છે

બારકોડેડ રેશનકાર્ડ યોજના :

રાજય સરકારે ૨૦૦૯ થી કમ્પ્યુટરાઇઝડ બારકોડેડ રેશનકાર્ડ યોજના અમલમાં મુકેલ છે જેમાં કાર્ડધારકોના ફોટા અને બાયોમેટ્રીકસ મેળવવામાં આવે છે.

૧. બારકોડેડ રેશનકાર્ડ થી સાચા ગ્રાહકોની પસંદગી થાય છે.

૨. ખોટા/બોગસ રેશનકાર્ડ આપોઆપ રદ થાય છે/ દાખલ થઇ શકતા નથી

૩. ફાળવણી મુજબનો જથ્થો પૂરેપૂરો વિતરણમાં મૂકી શકાય છે

રાજયમાં કુલ ૧,૦૬,૬૮,૧૫૫ જુના રેશનકાર્ડ સામે ફોર્મ નં. ૧ ભરેલ તે પૈકી તા. ૩૧/૩/૧૪ સુધીમાં કુલ ૯૩૧૨૫૨૦ બારકોડેડ રેશનકાર્ડ વિતરણ થયેલ છે આમ ૮૭.૨૮% કમ્પ્યુટરાઇઝડ બારકોડેડ રેશનકાર્ડ કામગીરી થયેલ છે

## ફૂડકુપન વિતરણ પધ્ધતિ

બારકોડેડ રેશનકાર્ડધારકોને જ જથ્થાનું વિતરણ થાય તે સુનિશ્ચિત કરવામાટે રાજ્ય સરકારે બાયોમેટ્રીક આધારીત ફૂડકુપન વિતરણ પધ્ધતિ દાખલ કરેલ છે જેમાં બારકોડેડ રેશનકાર્ડધારકે ગ્રામ્ય વિસ્તારમાં ઇ-ગ્રામ સેન્ટરમાં અને શહેરી વિસ્તારમાં નિયુકત સાયબરકાફે અથવા રજીસ્ટર્ડ થયેલ ખાનગી વ્યક્તિ પાસેથી ફીંગર પ્રિન્ટ આપી, ફૂડકુપન ઓનલાઇન મેળવવાની રહે છે ફૂડકુપન મેળવવા માટે બારકોડેડ રેશનકાર્ડધારકોએ રૂ.૫/- ચુકવવાના રહે છે તેમાંથી ઇ-ગ્રામ ના ઓપરેટરને રૂ.૪/- અને ગ્રામ પંચાયતને રૂ.૧/- મળે છે આમ આ યોજના થી પૂરક રોજગારી પણ ઉભી થાય છે . રાજ્ય ના AAY અને BPL કાર્ડધારકો ને ફૂડકુપનનો રૂ. ૫/- નો બોજ સહન ન કરવો પડે તે માટે ખરીદેલ કરેલ જથ્થીની કુલ કિંમતમાંથી દુકાનદારને રૂ.૫/- ઓછા ચુકવવીને આ રકમ સરભર કરવામાં આવે છે અને દુકાનદાર ને આ રૂ ૫/- રાજય સરકાર ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ મારફતે ક્રેડીટ આપવામાં આવે છે .

રાજયમાં માર્ચ-૨૦૧૪ ની સ્થિતિએ કુલ ૧,૦૩,૦૨,૦૩૦ બાયોમેટ્રીક રેશનકાર્ડ સામે ૪૭,૦૩,૩૦૫ ફૂડકુપન ઇસ્યુ થયેલ છે.

બાયોમેટ્રીક આધારીત ફૂડ કુપન મેળવવા કનેકટીવીટી ન હોય કે ફીંગર પ્રિન્ટ મેચ થતા ન હોય તો તેની સુધારણા માટે જરૂરી હુકમો આપવામાં આવેલ છે.

## જાહેર વિતરણ વ્યવસ્થા સુદ્રઢ કરવા માટે લીધેલા પગલાં :

૧. વ્યાજબી ભાવની દુકાનદારોના બાયો મેટ્રીકસ અને ફોટો મેળવવામાં આવેલા છે. ઓનલાઇન પરમીટ દુકાન સંચાલક ના બાયો મેટ્રીકસ મેળવીને ઇસ્યુ કરવામાં આવે છે દુકાનદારોને વારંવાર પરમીટ મેળવ્વા ઝોનલ/મામલતદાર કચેરીએ આવવું ન પડે તે હેતુથી તમામ યોજનાની મળવાપાત્ર જથ્થાની એક પરમીટ એપ્રિલ-૧૪ થી ઇસ્યુ કરવામાં આવે છે

૨. વ્યાજબી ભાવના દુકાનદારને મળેલ ઓનલાઇન પરમીટ મુજબના જથ્થા ના નાણા બેંક માં નિગમના ખાતામાં ભરી શકે તેવી સુવિધાઓ ઉભી કરી છે. નાણા જમા થયાની ગોડાઉન ખાતે

... ... મુશ્કેલીઓ દૂર કરવામાં આવેલ છે

૩. ગોડાઉનથી ડોરસ્ટેપ ડીલીવરી દ્વારા દુકાનના સ્થળે જથ્થો પહોંચાડવામાં આવે છે અને જથ્થો પહોંચ્યો છે કે કેમ તેની ખાતરી માટે ગ્રામ્ય તકેદારી સમિતીના સભ્યો પૈકી બે સભ્યોની પ્રમાણપત્ર ...સહી મેળવવામાં આવે છે

૪. ગોડાઉન ઉપરથી ડોરસ્ટેપ ડીલીવરી દ્વારા વિતરણ થતો જથ્થો ગેટ પાસ મુજબ બરોબર છે કે કેમ? રૂટ મુજબ જથ્થો પરિવહન થાય છે કે કેમ? તે માટે સ્ટેટેટીક ટીમ ની રચના કરી આકસ્મિક તપાસ કરવા જીલ્લા પુરવઠા અધિકારીશ્રીઓને સુચના અપાયેલ છે

રાજ્ય સરકારે નવા રેશનકાર્ડ ધારકો માટે ફોર્મ નં: ૨ ,નામ ઉમેરવા માટે ફોર્મ નં: 3 નામ કમી માટે ફોર્મ નં: ૪,કુટુંબના વિભાજન માટે ફોર્મ નં:૫ નક્કી કરેલ છે. તેમાં જરૂરી માહિતી ભરી અરજદાર જનસેવા કેન્દ્ર/એટીવીટી કેન્દ્રમાં રજુ કરી ,તેમાં ફોટો અને બાયોમેટ્રીકર્સ આપ્યે થી બાયોમેટ્રીકસ રેશનકાર્ડ ઇસ્યુ કરવામાં આવે છે આ ,તમામ કામગીરી ઓનલાઇન કરવામાં આવે છે

## NFSA ના અમલીકરણના અયોજન અંગે

કેન્દ્ર સરકાર ના અન્ન સુરક્ષા કાયદા હેઠળ આવરી લેવાનાં લાભાર્થીઓની સંખ્યા માટેનો લક્ષ્યાંક નીચે છે.

| વિગત | લક્ષ્યાંક ( જનસંખ્યા) |
|---|---|
| ગ્રામ્ય વિસ્તાર ૭૪.૬૪ % | ૨૫૮.૭૮ લાખ |
| શહેરી વિસ્તાર ૪૮.૨૫ % | ૧૨૪.૦૬ લાખ |
| કુલ | ૩૮૨.૮૪ લાખ |

રાજ્ય નાં ગ્રામ્ય વિસ્તારો અને શહેરી વિસ્તારના એ.એ.વાય અને બી.પી.એલ કાર્ડધારકોનો અન્ન સુરક્ષા કાયદા હેઠળ લાભાર્થી તરીકે સમાવેશ કર્યા પછી પણ અન્ન સુરક્ષા યોજનામાં ૧૯૦.03 લાખ નવા લાભાર્થીઓ તરીકે સમાવેશ કરવાનો થાય છે .કેન્દ્ર સરકાર દ્વારા સોશીયો ઇકોનોમિલ સર્વે કરાયેલ છે તે મુજબના કુટુંબોમાંથી લાભાર્થી પસંદ કરવાની બાબત કાર્યવાહી હેઠળ છે

C:\Documents and Settings\user\Desktop\Annual report.doc

ખાદ્યતેલ બાબત :

રાજ્ય સરકારે તહેવારો દરમ્યાન AAY+BPL કાર્ડધારકોને રાહતદરે પામોલીન તેલનું વિતરણ કરવા ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૧૨,૦૦૦ મે.ટન આર.બી.ડી પામોલીન તેલનો જથ્થો ખરીદ કરવાનો નિર્ણય લીધો હતો.

આયાતી આર.બી.ડી પામોલીન તેલના જથ્થાની ખરીદી કેન્દ્ર સરકારના જાહેર સાહસ એસ.એમ.ટી.સી લી મારફત ખરીદ કરી વિતરણ કરવા જણાવેલ. પરંતુ એસ.એમ.ટી.સી લી/એસ.ટી.સી દ્વારા આર.બી.ડી પામોલીન તેલના જથ્થાની ૧૦૦% કિંમત એડવાન્સમાં આપવા આગ્રહ રાખવામાઅં આવેલ હતો. કેન્દ્ર સરકારે પ્રતિકિલો રૂ.૧૫/- મુજબ રકમ બાદ કરી રકમ ચુકવવા રાજ્ય સરકારને જણાવેલ. આમછતાં એસ.એમ.ટી.સી લીએ કેન્દ્ર સરકારની સબસીડી સહીત ૧૦૦% રકમ એડવાન્સમાં આપવા જણાવતા આ પ્રશ્નનો ઉકેલ નહિ આવતા એસ.એમ.ટી.સી લી/એસ.ટી.સી દ્વારા જથ્થાની ખરીદી થયેલ ના હોવાથી ૨૦૧૩-૧૪માં પામોલીન તેલનું વિતરણ શક્ય બનેલ નથી.

➢ ખાંડ બાબત :

કેન્દ્ર સરકારે લેવી ખાંડની ફાળવણી કરવાનું મે-૨૦૧૩ અંતિત બંધ કરેલ છે. ભારત સરકાર દ્વારા ડી- કંટ્રોલ થતા એટલે કે લેવી સુગર નીતિ રદ કરેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને માસિક રેગ્યુલર ૫૮૪૧ ટન મુજબ કુલ રેગ્યુલર વાર્ષિક જથ્થો ૭૦૦૯૨ ટન ખાંડ તથા તહેવારો માટે વાર્ષિક ૪૮૭૮ ટન મળી કુલ ૭૪૯૭૦ ટન ખાંડના જથ્થા ઉપર પ્રતિ કિલો દીઠ રૂ. ૧૮.૫૦ પૈસા પ્રમાણે સબસીડી આપવાનું નક્કી કરેલ છે

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમે ઓગસ્ટ-૧૩ થી ખાંડનું વિતરણ થઇ શકે તે હેતુથી જરૂરી ખાંડનો જથ્થો મુકત બજારમાંથી ટેન્ડર દ્વારા ખાંડની ખરીદી કરી જથ્થો ઉપલબ્ધ કરેલ હતો.. રાજ્ય સરકાર દ્વારા ઓગસ્ટ -૧૩ થી માર્ચ-૧૪ સમયગાળામાં માસિક ધોરણે ૬૧૬૫ મે.ટન પ્રમાણે AAY+BPL કાર્ડધારકોને વ્યક્તિ દીઠ ૦.૩૫૦ ગ્રામ મુજબ ખાંડ દર માસે વિતરણ કરેલ છે તેમજ AAY+BPL કાર્ડધારકોને ૬૪૨૩ મે.ટન ખાંડનો જથ્થો બે તહેવારો ( ઓગસ્ટ-૧૩ અને ઓકટોબર-૧૩ ) માસિક જથ્થા ઉપરાંત વધારાની ખાંડ કાર્ડદીઠ એક કિલો મુજબ પ્રતિકિલોના રૂ..૧૩.૫૦ પૈસાના ભાવે વિતરણ કરેલ છે રાજ્ય સરકાર દ્વારા ઓગસ્ટ-૧૩ થી માર્ચ-૧૪ સુધીના સમયગાળામાં કુલ ૫૫૭૪૩ મે.ટનૂ ખાંડ નો જથ્થો વિતરણ માટે ફાળવેલ હતો. રાજ્ય સરકારે કેન્દ્ર

સરકારે માન્ય કરેલ ખાંડનો સબસીડીયુક્ત જથ્થા કરતાં [illegible] જથ્થો વિતરણમાં [illegible]

સબસીડી રાજ્ય સરકારે ભોગવેલ છે

વર્ષ ૨૦૧૩-૧૪માં કુલ ભોગવેલ કુલ સબસીડીની વિગત.

અંત્યોદય અન્ન યોજનામાં : રૂ. ૨૫.૭૦ કરોડ

બીપીએલ યોજનામાં : રૂ.-૧૫૪ –કરોડ

ખાંડ:રૂ.-૧૨.૬૯ કરોડ

C:\Documents and Settings\user\Desktop\Annual report.doc

નં : ૩

## નવી વ્યાજબી ભાવની દુકાન મંજુર કરેવા અંગેની પ્રગતિ.

વિભાગના તા:- ૦૫/૧૦/૨૦૦૬ના હુકમથી નવી વ્યાજબી ભાવની દુકાન માટે નીતિ નક્કી કરવામાં આવેલ હતી એપ્રિલ ૨૦૧૩ માં ૧૭૧૩૩ દુકાન કાર્યરત હતી જ્યારે માર્ચ ૨૦૧૪ અંતિત ૧૭૨૫૮ વ્યાજબી ભાવની દુકાનો કાર્યરત છે એટલે કે, વર્ષ દરમ્યાન ૧૨૫ નવી દુકાનો ખોલવામાં આવેલ છે.

> જાહેર વિતરણ પધ્ધતિમાં તકેદારી સમિતિઓની દેખરેખ.

યોજનાવાર રેશનકાર્ડ ધારકો ને મળવાપાત્ર અનાજ,ખાંડ,આયોડાઇઝડ મીઠું સમયસર મળી રહે તેમજ દુકાનદાર /પરવાનેદાર ને પરમીટ મેળવવા માટે મામલતદાર/ઝોનલ કચેરીમાં વારંવાર આવવું ન પડે તે હેતુસર ઓનલાઇન કોમ્પ્યુટરાઇઝડ પરમીટ ઇસ્યુ કરવામાં આવે છે જેમાં વાજબી ભાવની દુકાન સાથે જોડાયેલ યોજનાવાર રેશનકાર્ડ ધારકો ને નિયત પ્રમાણ મુજબ જથ્થાનું વિતરણ કરવા માટે મળવાપાત્ર અનાજ,ખાંડ,કેરોસીન , આયોડાઇઝડ મીઠાના પુરા જથ્થાની એક સાથે પરમીટ ઇસ્યુ કરવામાં આવે છે દુકાનદાર /પરવાનેદાર પરમીટ મુજબ પૂરેપુરો જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડ કરી શકે છે અથવા તેમની જરૂરીયાત મુજબ જથ્થો ઉપાડવા માટે જેટલા જથ્થાનાં નાણા ચલણથી ભરશે તેટલો જથ્થો ગોડાઉન પરથી ઇસ્યુ થાય છે. પરંતુ મોડામાં મોડો ૧૦ તારીખ સુધીમાં દુકાનદાર /પરવાનેદાર પરમીટ મુજબ પૂરેપુરો જથ્થો ઉપાડી લેવાનો રહે છે.

દુકાનદારો ધ્વારા રેશનકાર્ડ ધારકોને સમયસર માલ માળી રહે તે પર દેખરેખ રાખવા ગ્રામ્યકક્ષાએ તકેદારી સમિતિ તથા શહેરી વિસ્તારમાં શહેરી તકેદારી સમિતિ તથા તાલુકા/ જિલ્લાકક્ષાએ, જિલ્લાકક્ષા સમિતિની રચના કરવામાં આવેલ છે.

તકેદારી સમિતિઓની રચના જાહેર વિતરણ વ્યવસ્થાનું ગ્રામ્યકક્ષાએ પારદર્શક અને સચોટ નિયંત્રણ આવશે તથા તકેદારી સમિતિમાં સીધી લોક ભાગીદારીનો અભિગમ છે.

| | | |
|---|---|---|
| (૧) | ગ્રામ્ય તકેદારી સમિતિઓ | ૧૨૫૮૦ |
| (૨) | શહેરી તકેદારી સમિતિઓ | ૪૨૬૭ |
| (3) | તાલુકા તકેદારી સમિતિઓ | ૨૨૨ |
| (૪) | જિલ્લા તકેદારી સમિતિઓ | ૨૫ |

માર્ચ-૨૦૧૪ સુધીમાં રચવામાં આવેલ છે

C:\Documents and Settings\user\Desktop\Annual report.doc

- મોડેલ ફેરપ્રાઇઝ શોપ એટલે ગામડાઓ સુધી પહોંચતી આધુનિક ચીજ-વસ્તુઓ :

ભારત દેશમાં ગુજરાત રાજ્ય જ એવું પ્રથમ રાજ્ય છે કે. જેને ફેરપ્રાઇઝ શોપ મોડેલ સેન્ટરનો એક નવો જ વિચાર રજુ કર્યો છે. જેને લીધે દુકાનદારોને મદદ થશે અને વધુ પ્રમાણમાં ગ્રાહકો આકર્ષી શકશે. હાલમાં ફેરપ્રાઇઝ શોપમાં દુકાનદારોને પ્રતિ કિવં રૂ. ૬૦/- સુધી કમિશન દર માસે મળે છે. તેની આવક વધારવા માટે ગ્રાહકોને જોઇતી અન્ય ચીજ-વસ્તુઓની સુવિધા જેવી કે કોસ્મેટીક્સ, કોમર્શીઅલ ગેસ સીલીન્ડર્સ, મોબાઇલ ફોનનાં રીચાર્જ વાઉચર, સીમકાર્ડ, ખાતર, બિયારણ વિગેરે ચીજ-વસ્તુઓ રાખી શકશે. ફેરપ્રાઇઝ મોડેલ સેન્ટર કરવા માટે બે કે ત્રણ બારી હોય ચીજ-વસ્તુઓની ગોઠવણી આકર્ષક હોઇ, ગ્રાહકો બેસવાની વ્યવસ્થા હોઇ આ બધાં ફેરફાર માટે તેમને નાણાંકીય સહાય કરવા માટે દેના બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા સાથે સંકળવામાં આવી છે.

આવા ફેરપ્રાઇઝ શોપ મોડેલ સેન્ટર શરૂ થવાને લીધે આવી દુકાનો ઉપર અનેક જાતની ગ્રાહક ઉપયોગની ચીજ-વસ્તુ મળતી થશે અને દુકાનદારનો વેપાર પણ વધશે અને તેનો નફો પણ વધશે સાથો સાથ આવી ફેરપ્રાઇઝ શોપમાંથી જે માલ બારોબાર વગે થઇ જતો હતો તે અટકશે. આ યોજનાથી દુકાનદારોની માસિક આવક અંદાજે રૂ. ૨,૨૦૦ થી ૨૦,૦૦૦ સુધી થઇ છે. રાજ્યમાં હાલ માર્ચ ૨૦૧૪ ની સ્થિતિએ ૧૭૨૫૮ વ્યાજબી ભાંવની દુકાનો કાર્યરત થયેલ છે.

મોડેલ ફેરપ્રાઇઝ શોપનો એક અભિગમ એવો પણ છે કે. ગામડાઓમાં મોડેલ ફેરપ્રાઇઝ શોપ દ્વારા ગ્રામ્ય વિસ્તારનાં લોકોને પણ તેમનાં ગામમાં આવી ચીજ-વસ્તુ, સેવાઓ મળી રહે છે. અને તે માટે તેઓને શહેરોમાં જવું પડે નહીં. આમ થવાથી ગ્રામ્ય વિસ્તારના લોકોને સમય અને નાણાંનો બચાવ થશે. આ મોલનું નામાભિકરણ ' રૂરલ મોલ' પણ કહી શકાય.

## (૩) નિયમન અને તપાસણી શાખા

રાજ્યની પ્રજાને જીવન જરૂરી આવશયક ચીજ વસ્તુઓ પોષણક્ષમ ભાવે મળી રહે તે માટે તથા ભાવોમાં થતા વધારાને અંકુશમાં લેવા માટે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબત હસ્તકના તપાસણી તંત્ર ધ્વારા સતત મોનીટરીંગ અને તપાસો કરવામાં આવે છે, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અંત્યોદય, બી.પી.એલ તથા એ.પી.એલ કાર્ડધારકોને નિયત કરેલ પ્રમાણ અને ભાવોથી પુરતા પ્રમાણમાં નિયમિત રીતે આવશયક ચીજ વસ્તુઓનો જથ્થો ઉપલબ્ધ થાય અને તેમાં કોઇ ગેરરીતિઓ ન થાય તે માટે તથા મુક્ત બજારના અનાજ, ખાધ્યતેલો, કઠોળ, ખાંડ વિગેરે ચીજવસ્તુઓ સરળતાથી અને પોષણક્ષમ ભાવે ઉપલબ્ધ થાય તેમજ પેટ્રોલ-ડીઝલ જેવી ચીજ વસ્તુઓમાં ભેળસેળ થાય નહીં તે માટે અત્રેના તપાસણી તંત્ર ધ્વારા તપાસો કરવામાં આવે છે.

કેન્દ્ર સરકારના આવશ્યક ચીજ વસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ હેઠળ રાજ્ય સરકારે બહાર પાડેલ 'ધી ગુજરાત આવશ્યક ચીજ વસ્તુઓ(પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧' હેઠળ પેટ્રોલ-ડીઝલ, કેરોસીન, એલ.ડી.ઓ તેમજ એલ.પી.જી. જેવી ચીજ વસ્તુઓ માટે પરવાનાઓ લેવામાં આવે છે. અને સદર આદેશ હેઠળ લીધેલ પરવાનાઓની અત્રેથી તપાસો કરવામાં આવે છે.

'જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ-૨૦૦૧' હેઠળ બહાર પાડેલ 'ગુજરાત આવશ્યક ચીજ વસ્તુઓ(વાજબી ભાવની દુકાનોને લાયસન્સ આપવા બાબતોનો) હુકમ-૨૦૦૪' હેઠળ વાજબી ભાવના દુકાનદારોએ મેળવેલ પરવાનાઓ અન્વયે વાજબી ભાવાની દુકાનોની તપાસણી કરવામાં આવે છે.

સમગ્ર રાજ્યમાં તા.૧/૪/૨૦૧૩ થી તા. ૩૧/૩/૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન મા કુલ ૧૬૨૬૪ તપાસો કરવામાં આવેલ છે, જણાયેલ ક્ષતિઓ/ગેરરીતિઓ અન્વયે ૧૩.૧૯ કરોડની કિંમતનો જુદી જુદી આવશ્યક ચીજ વસ્તુઓનો જથ્થો કબજે કરવામાં આવ્યો, રૂ. ૨.૪૩ કરોડની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામં આવ્યો, રૂ. ૩૧.૧૬ લાખની કિંમતની પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવી, રૂ.૫૮.૨૫ લાખ નો દંડ કરવામાં આવ્યો, ૨૨૨ પરવાના મોકુફ કર્યા, ૧૦૫ પરવાના રદ કર્યા, ૫૨ પોલીસ કેસ કરવામાં આવ્યા તેમજ ૨૬ પી.બી.એમ. કેસ કરવામાં આવ્યા. (જિલ્લાવાર તથા આ.ચી.વ. વાર આંકડાકીય વિગતોના પત્રક આ સાથે સામેલ છે.)

# અન્ન અને ના.પુ.નિયામક કચેરી

## ગુજરાત રાજ્ય ,ગાંધીનગર.

માહે; - એપ્રિલ-૨૦૧૩ થી માહે: -માર્ચ -૨૦૧૪ સુધીની તપાસ,જપ્તી અને રાજ્યસાતની વિગત દર્શાવતુ જિલ્લાવાર પ્રોગ્રેસીવ પત્રક

> સમગ્ર રાજ્ય <

| અ. નં | જિલ્લાનુ નામ | કુલ તપાસની સંખ્યા | પેટ્રોલીયમ પ્રોડકટની તપાસો | વ્યાજબી ભાવની દુકાનોની તપાસો | વ્યા.ભા. દુકાનો સિવાયની તપાસો | અન્ય બિપ. તપાસો | કુલ જપ્ત કરેલ જથ્થાની કિંમત | કૂલ રાજ્યસાત કરેલ જથ્થાની કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદશ. | ૪૧૦ | ૧૯૩ | ૨૧૬ | ૧ | ૦ | ૭૭૧૩૨૮ | ૫૧૦૨૪૮ |
| ૨ | અમદાવાદજિ. | ૫૭૨ | ૫૭ | ૪૯૫ | ૧૨ | ૮ | ૭૯૨૯૦ | ૧૨૫૪૩૫ |
| ૩ | અમરેલી | ૪૩૧ | ૬૮ | ૩૪૨ | ૮ | ૧૩ | ૧૦૨૬૧૭૭ | ૧૬૦૧૪૩૪ |
| ૪ | આણંદ | ૪૮૨ | ૨૧૭ | ૨૪૦ | ૨૪ | ૧ | ૪૩૦૮૩૨૦ | ૮૩૬૪૮૩ |
| [illegible] | બનાસકાંઠા | ૧૫૦૬ | ૨૬૮ | ૧૨૧૬ | ૨૨ | ૦ | ૩૯૬૧૬૦ | ૨૨૯૦૦૨ |
| ૬ | ભાવનગર | ૧૦૦૦ | ૧૧૫ | ૮૩૦ | ૫૫ | ૦ | ૪૦૭૯૮૫૮ | ૫૫૧૧૨૪ |
| ૭ | ભરૂચ | ૪૯૬ | ૩૩ | ૪૪૯ | ૦ | ૧૪ | ૭૧૧૮૯ | ૪૩૬૧૫ |
| ૮ | દાહોદ | ૮૪૮ | ૪૦ | ૭૭૧ | ૩૨ | ૫ | ૨૭૯૪૧૪૪ | ૧૬૫૩૭૦૮ |
| ૯ | ડાંગ | ૪૪ | ૨ | ૪૨ | ૦ | ૦ | ૫૮૨૪૭ | ૦ |
| ૧૦ | ગાંધીનગર | ૨૦૦ | ૬૮ | ૧૩૧ | ૦ | ૧ | ૬૭૧૪૦ | ૩૪૦૩૫૬ |
| ૧૧ | જામનગર | ૬૪૬ | ૩૭૭ | ૧૯૧ | ૪૫ | ૩૩ | ૪૬૫૭૪૮૨ | ૧૨૦૫૬૭૪ |
| ૧૨ | જુનાગઢ | ૭૪૪ | ૨૩૪ | ૫૦૩ | ૭ | ૦ | ૮૪૮૮૬૮ | ૭૮૧૫૮૦ |
| ૧૩ | ખેડા | ૧૦૨૦ | ૧૯૮ | ૭૭૪ | ૪૦ | ૮ | ૩૦૬૫૦૫ | ૨૦૯૮૭ |
| ૧૪ | કચ્છ | ૪૧૩ | ૧૨૫ | ૨૦૫ | ૮૩ | ૦ | ૪૬૩૩૯૪૦૯ | ૨૮૬૭૭૧૭ |
| ૧૫ | મહેસાણા | ૩૯૧ | ૧૫૦ | ૧૮૩ | ૫૮ | ૦ | ૩૩૬૫૧૭૧ | ૨૨૫૫૯૭ |
| ૧૬ | નવસારી | ૯૫ | ૨૭ | ૫૬ | ૧૨ | ૦ | ૪૦૦૫૩૦૭ | ૩૯૭૯૦૧૬ |
| ૧૭ | નર્મદા | ૨૨૭ | ૩૨ | ૧૯૧ | ૪ | ૦ | ૬૮૬૪૦૦ | ૧૯૨૦૬૧ |
| [illegible] | પંચમહાલ | ૪૩૫ | ૧૮ | ૪૦૮ | ૯ | ૦ | ૫૧૮૪૮૫૮ | ૧૧૦૭૫૮ |
| ૧૯ | પાટણ | ૧૮૧ | ૪૯ | ૧૩૧ | ૧ | ૦ | ૪૯૬૩ | ૧૪૮૩૫૭ |
| ૨૦ | પોરબંદર | ૧૮૬ | ૨૬ | ૧૫૭ | ૩ | ૦ | ૪૫૨૫૨ | ૧૦૧૬૮ |
| ૨૧ | રાજકોટ | ૧૦૨૬ | ૩૧૮ | ૫૩૯ | ૧૩૩ | ૩૬ | ૧૯૩૨૨૧૪૯ | ૨૦૬૨૬૦૩ |
| ૨૨ | સાબરકાંઠા | ૮૩૨ | ૭૪ | ૬૭૬ | ૮૧ | ૧ | ૧૫૯૩૩૩૭ | ૯૩૭૨૮૯ |
| ૨૩ | સુરત | ૭૭૮ | ૪૩૯ | ૩૦૯ | ૩૦ | ૦ | ૧૨૧૭૨૨૮૫ | ૨૭૩૮૨૯૭ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૯૦૬ | ૧૭૨ | ૬૯૦ | ૪૪ | ૦ | ૩૨૯૪૯૭૫ | ૯૨૨૬૩૦ |
| ૨૫ | તાપી | ૪૬૧ | ૧૩૭ | ૨૭૪ | ૫૦ | ૦ | ૧૮૬૯૫૩૪ | ૧૬૩૪૬ |
| ૨૬ | વડોદરા | ૯૫૫ | ૨૮૪ | ૬૫૬ | ૧૧ | ૪ | ૩૯૦૯૮૫૭ | ૯૧૫૭૭૦ |
| ૨૭ | વલસાડ | ૫૩૧ | ૧૫૯ | ૩૪૦ | ૮ | ૨૪ | ૨૨૮૪૯૦૮ | ૧૦૪૬૪૨ |
| જિલ્લા કક્ષા | | ૧૪૮૧૬ | ૩૮૮૦ | ૧૧૦૧૫ | ૭૭૩ | ૧૪૮ | ૧૨૪૫૪૩૧૧૩ | ૨૩૧૩૦૮૯૭ |
| રાજ્ય કક્ષા | | ૪૪૮ | ૧૮૬ | ૭૯ | ૧૪૬ | ૩૬ | ૭૪૨૦૦૯૨ | ૧૨૩૫૨૪૬ |
| એકંદરે કુલ | | ૧૫૨૬૪ | ૪૦૬૬ | ૧૧૦૯૪ | ૯૧૯ | ૧૮૪ | ૧૩૧૯૬૩૨૦૫ | ૨૪૩૬૬૧૪૩ |

અન્ન અને ના.પુ.નિયામક કચેરી
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

## સમગ્ર રાજ્ય

### નાણાકીય વર્ષ:-૨૦૧૩-૧૪ની વિષયવાર તપાસ અને લીધેલ પગલાની વિગત દર્શાવતુ પત્રક :-

| [illegible] પ્રકાર | તપાસની સંખ્યા | એકમ | જપ્ત કરેલ | | રાજ્યસાત કરેલ | | પરવાના અનામત | દંડની રકમ | પરવાના વિષયક પગલા | | કોર્ટ કેસ | વ્યક્તિ | પીબીએમ કેસ | વ્યક્તિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જથ્થો | કિંમત રૂ! | જથ્થો | કિંમત રૂ! | કિંમત રૂ! | કિંમત રૂ! | રદ | મોકુફ | | | | |
| પેટ્રોલ ડીઝલ | ૬૩૯ | લીટર | ૧૧૮૧૧૮ | ૭૩૯૭૮૫૭ | ૫૯૦૦૮ | ૩૪૭૨૫૮૧ | ૭૮૮૨૫ | ૩૦૦૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કેરોસીન જાહેર | ૧૯૯૫ | લીટર | ૧૦૯૭૭૭ | ૧૬૪૪૮૪૩ | ૬૧૭૨૪ | ૧૨૨૬૯૦૧ | ૨૦૭૯૫૪ | ૩૮૯૩૫૫ | ૧૫ | ૨૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| કેરોસીન [illegible] | ૪૧૫ | લીટર | ૫૦૧૭૭ | ૧૩૯૮૯૫૬ | ૧૩૨૧૮ | ૨૩૧૧૬૭ | ૦ | ૩૫૫૩૭૨ | ૦ | ૦ | ૪ | ૧૬ | ૨ | ૨ |
| સોલવન્ટ | ૪૦ | લીટર | ૮૧૦૬૩૬ | ૪૫૪૪૮૩૨૮ | ૩૪૮૩૨ | ૨૨૦૪૮૨૪ | ૧૩૫૦૦ | ૧૫૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| [illegible] અન્ય ઓઇલ | ૨૭ | લીટર | ૧૫૨૭૬ | ૧૪૮૮૭૨૫ | ૪૨૨૬ | ૩૮૩૪૭૫ | ૮૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| [illegible] - જા.વિ | ૩૩૧ | નંગ | ૧૩૫૧ | ૧૩૫૦૧૭૫ | ૬૭૨ | ૬૮૧૮૪૪ | ૧૨૮૮૨૫ | ૩૪૩૭૫૨ | ૨ | ૦ | ૨ | ૪ | ૧ | ૧ |
| | | કિલો | ૩૧૯ | | ૩૧૦૦ | | | | | | | | | |
| [illegible] હોટલ-રેસ્ટો.વાહન-અન્ય બિ.પ | ૬૧૯ | નંગ | ૧૪૨૮ | ૪૨૩૭૬૭૭ | ૯૯૯ | ૨૫૬૩૪૪૦ | ૦ | ૩૫૭૯૩૫ | ૦ | ૦ | ૩ | ૬ | ૦ | ૦ |
| | | કિલો | ૫૩૮૮૫ | | ૨૧૬૮૬ | | | | | | | | | |
| ખાદ્યતેલ તમામ | ૩૮૭ | કિલો | ૧૩૭૭૨૪ | ૧૦૪૦૫૬૩૨ | ૨૫૪૪૮ | ૧૮૫૪૪૨૬ | ૦ | ૫૩૦૨૫૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખાદ્યતેલબીયા તમામ | ૭૦ | કિલો | ૫૧૭૨૪ | ૨૮૩૫૯૮૯ | ૧૪૧૬૭ | ૭૧૪૪૨૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અનાજ વગેરે | ૧૧૦૯૫ | કિલો | ૫૫૨૮૯૯ | ૪૦૪૨૪૬૪ | ૩૩૮૪૪૫ | ૨૭૧૧૫૪૭ | ૨૬૧૮૯૬૫ | ૩૭૩૫૫૩૫ | ૮૮ | ૨૦૦ | ૨૭ | ૩૮ | ૧૬ | ૧૬ |
| અનાજ વગેરે સિવાય તમામ/અન્ય બિ.પ. | ૩૩૨ | કિલો | ૧૫૧૧૬૭૨ | ૨૫૮૩૯૬૩૪ | ૩૧૭૦૦૯ | ૪૮૦૯૪૦૪ | ૫૭૩૦૦ | ૮૪૦૬૭ | ૦ | ૦ | ૧૫ | ૨૧ | ૭ | ૭ |
| કઠોળ તમામ | ૬૦ | કિલો | ૬૨૨૬૮ | ૨૪૪૦૧૩૨ | ૧૪૧૬૫ | ૭૦૭૪૧૦ | ૦ | ૭૪૨૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખાંડ તમામ | ૭૦ | કિલો | ૪૩૪૨૧ | ૬૯૬૪૩૦ | ૧૯૫૯૧ | ૨૮૫૬૨૬ | ૩૦૦૦ | ૩૩૭૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અન્ય બિ.પ તમામ | ૧૮૪ | | | | | | | | | | ૦ | ૦ | ૦ | ૦ |
| [illegible] વાહનો/વાહનો | | | | | | | | | | | ૧ | ૪ | ૦ | ૦ |
| | | | ૦ | ૨૨૦૩૪૪૩૫ | ૦ | ૨૩૩૦૯૭૬ | | | | | | | | |
| [illegible] | | | | | | | | | | | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | ૦ | ૭૦૧૯૨૭ | ૦ | ૧૮૮૦૯૬ | | | | | ૦ | ૦ | ૦ | ૦ |
| એકંદરે કુલ | ૧૬૨૬૪ | | | ૧૩૧૯૬૩૨૦૫ | | ૨૪૩૬૬૧૪૩ | ૩૧૧૬૩૬૯ | ૫૮૨૫૦૭૫ | ૧૦૫ | ૨૨૨ | ૫૨ | ૮૯ | ૨૬ | ૨૬ |

| ક્રમ | જિલ્લો | કુલ તપાસોની સંખ્યા | પેટ્રોલીયમ પ્રોડક્ટની તપાસો | વ્યાજબી ભાવની દુકાનોની તપાસો | વ્યા.ભા. દુકાનો સિવાયની તપાસો | અન્ય બિપ. તપાસો | કોર્ટ કેસ | વ્યક્તિ | [illegible] કેસ(વ્યક્તિ) | ખાતારાહે લીધેલ પગલા | પરવાના રદ | પરવાના મોકુફ | ખાતારાહે રા.સા.અના.રૂ | દંડની રકમ રૂ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | [illegible] | ૪૧૦ | ૧૯૩ | ૨૧૬ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૧૫૨ | ૪ | ૨૧ | ૧૭૧૩૦૦ | [illegible] |
| ૨ | [illegible] | ૫૭૨ | ૫૭ | ૪૯૫ | ૧૨ | ૮ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧૦૦૦ | ૦ |
| ૩ | અમરેલી | ૪૩૧ | ૬૮ | ૩૪૨ | ૮ | ૧૩ | ૫ | ૧૧ | ૦ | ૮૮ | ૩ | ૫ | ૧૪૮૨૦૦ | ૭૭૯૬૩ |
| ૪ | [illegible] | ૪૮૨ | ૨૧૭ | ૨૪૦ | ૨૪ | ૧ | ૫ | ૭ | ૦ | ૧૩૮ | ૯ | ૩૧ | ૨૨૨૭૦૦ | ૩૧૨૫૦ |
| ૫ | બનાસકાંઠા | ૧૫૦૬ | ૨૬૮ | ૧૨૧૬ | ૨૨ | ૦ | ૭ | ૭ | ૩ | ૯૧ | ૬ | ૯ | ૧૩૮૨૫૦ | ૧૧૬૪૩૩૧ |
| ૬ | ભાવનગર | ૧૦૦૦ | ૧૧૫ | ૮૩૦ | ૫૫ | ૦ | ૨ | ૫ | ૦ | ૬૬ | ૪ | ૪ | ૧૧૧૧૨૫ | ૨૨૦૧૩૫ |
| ૭ | ભરૂચ | ૪૬૫ | ૩૩ | ૪૪૯ | ૦ | ૧૪ | ૦ | ૦ | ૦ | ૨૩ | ૨ | ૨ | ૫૮૫૦૦ | ૦ |
| ૮ | દાહોદ | ૮૪૮ | ૪૦ | ૭૭૧ | ૩૨ | ૫ | ૧ | ૧ | ૨ | ૪૪૩ | ૫ | ૩૩ | ૩૧૬૮૭૪ | ૫૭૩૨૨૬ |
| ૯ | ડાંગ | ૪૪ | ૨ | ૪૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૦ | ૧ | ૧૬૫૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | ગાંધીનગર | ૨૦૦ | ૬૮ | ૧૩૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૯૨૫૦ |
| ૧૧ | જામનગર | ૬૪૬ | ૩૭૭ | ૧૯૧ | ૪૫ | ૩૩ | ૦ | ૦ | ૦ | ૫૭ | ૨ | ૦ | ૮૯૪૭૫ | ૩૫૭૭૦૫ |
| ૧૨ | જુનાગઢ | ૭૪૪ | ૨૩૪ | ૫૦૩ | ૭ | ૦ | ૦ | ૦ | ૧ | ૧૯૬ | ૬ | ૨ | ૯૫૮૫૦ | ૦ |
| ૧૩ | ખેડા | ૧૦૨૦ | ૧૯૮ | ૭૩૪ | ૪૦ | ૮ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૨ | ૧૨૫૦૦ | ૦ |
| ૧૪ | કચ્છ | ૪૧૩ | ૧૨૫ | ૨૦૫ | ૮૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૫ | ૧ | ૪૬૭૫૦ | ૬૫૦૦૦ |
| ૧૫ | મહેસાણા | ૩૯૧ | ૧૫૦ | ૧૮૩ | ૫૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૫ | ૦ | ૦ | ૮૨૮૭૫ | ૮૮૩૫૮ |
| ૧૬ | નવસારી | ૯૫ | ૨૭ | ૫૬ | ૧૨ | ૦ | ૧૪ | ૨૩ | ૭ | ૫૩ | ૧૪ | ૨૦ | ૯૧૫૭૫ | ૦ |
| ૧૭ | નર્મદા | ૨૨૭ | ૩૨ | ૧૯૧ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૮૨ | ૦ | ૧૨ | ૧૦૦૮૫૦ | ૦ |
| ૧૮ | પંચમહાલ | ૪૩૫ | ૧૮ | ૪૦૮ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૪૨ | ૦ | ૦ | ૧૨૭૭૪૩ | ૨૦૪૮૦ |
| ૧૯ | પાટણ | ૧૮૧ | ૪૯ | ૧૩૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૮ | ૨ | ૫ | ૧૨૯૫૧૮ | ૦ |
| ૨૦ | પોરબંદર | ૧૮૬ | ૨૬ | ૧૫૭ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૦ | ૧ | ૯૦૦૦ | ૦ |
| ૨૧ | રાજકોટ | ૧૦૨૬ | ૩૧૮ | ૫૩૯ | ૧૩૩ | ૩૬ | ૦ | ૦ | ૨ | ૪ | ૧ | ૦ | ૯૩૭૫ | ૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૮૩૨ | ૭૪ | ૬૭૬ | ૮૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨૮ | ૧ | ૧ | ૫૬૨૫૦ | ૨૭૫૦ |
| ૨૩ | સુરત | ૭૭૮ | ૪૩૯ | ૩૦૯ | ૩૦ | ૦ | ૮ | ૧૭ | ૧૧ | ૧૧૮ | ૨૧ | ૨ | ૨૫૬૦૦૦ | ૧૯૪૪૪૧૨ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૯૦૬ | ૧૭૨ | ૬૯૦ | ૪૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૭ | ૨ | ૨ | ૯૯૪૦૦ | ૦ |
| ૨૫ | તાપી | ૪૬૧ | ૧૩૭ | ૨૭૪ | ૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧ | ૦ | ૩ | ૮૫૦૦ | ૦ |
| ૨૬ | વડોદરા | ૯૫૫ | ૨૮૪ | ૬૫૬ | ૧૧ | ૪ | ૭ | ૧૫ | ૦ | ૩૪૭ | ૮ | ૫૫ | ૫૯૭૮૮૪ | ૨૦૭૮૯૫ |
| ૨૭ | વલસાડ | ૫૩૧ | ૧૪૯ | ૩૪૦ | ૮ | ૨૪ | ૦ | ૦ | ૦ | ૬ | ૧ | ૨ | ૩૩૭૫ | ૦ |
| | જિલ્લા કક્ષા | ૧૫૮૧૬ | ૩૮૮૦ | ૧૧૦૧૫ | ૭૭૩ | ૧૪૮ | ૫૨ | ૮૯ | ૨૬ | ૨૫૧૫ | ૯૬ | ૨૧૪ | ૩૦૦૧૩૬૯ | ૪૭૩૩૭૫૫ |
| | રાજ્ય કક્ષા | ૪૪૮ | ૧૮૬ | ૮૦ | ૧૪૬ | ૩૬ | ૦ | ૦ | ૦ | ૯૫ | ૯ | ૮ | ૧૧૫૦૦૦ | ૧૦૯૧૩૨૦ |
| | એકંદરે કુલ | ૧૬૨૬૪ | ૪૦૬૬ | ૧૧૦૯૫ | ૯૧૯ | ૧૮૪ | ૫૨ | ૮૯ | ૨૬ | ૨૬૧૦ | ૧૦૫ | ૨૨૨ | ૩૧૧૬૩૬૯ | ૫૮૨૫૦૭૫ |

૩૫

કેરોસીન ફાળવણી અને વિતરણ:-

કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને હાલમાં માહે એપ્રિલ-૨૦૧૪ થી માસિક ધોરણે ૫૬,૧૨૦ કીલી. મુજબ જથ્થો ફાળવવામાં આવે છે. આ જથ્થામાંથી ફીશરીઝ માટે માસિક ૭૮૦ કિ.લિ. જથ્થો ફાળવવાનો નક્કી કરેલ છે. આમ, જાહેર વિતરણના હેતુ માટે ૫૫,૩૪૦ કિ.લિ. જથ્થો ઉપલબ્ધ થાય છે. આ જથ્થામાંથી રાજ્યમાં જીલ્લાવાર કેરોસીનની ફાળવણી રાજ્યના જીલ્લાઓમાં ઓન લાઇન સીસ્ટમ મુજબ ગેસ જોડાણ નહિ ધરાવતા રેશનકાર્ડની સંખ્યા(નોનગેસ રેશનકાર્ડ),ધ્યાને લઇ રાજ્યની કુલ જરૂરીયાત સામે કેન્દ્ર સરકાર તરફથી મળેલ જથ્થાની જે ટકાવારી બેસે તેજ ધોરણે દરેક જીલ્લાઓને જરૂરીયાત સામે સમાન ટકાવારીના ધોરણે ફાળવણી કરવામાં આવે છે. માહે એપ્રિલ-૧૪ માટે ૭૯,૮૧,૧૭૪ નોનગેસ કાર્ડ ધારકોને કેરોસીન ફાળવવામાં આવેલ છે. જિલ્લાઓ દ્વારા તાલુકાઓને તેજ રીતે સમાન ધોરણે ફાળવણી કરવામાં આવે છે અને તાલુકા કક્ષાએથી વિક્રેતાવાર ફાળવણી કરવામાં આવે છે.

વિતરણ પ્રમાણ:

રાજ્ય સરકારે માહે નવેમ્બર-૨૦૧૩ થી વ્યક્તિદીઠ ૨ લિટર તથા ૪ કે તેથી વધુ સંખ્યાવાળા નોનગેસ કાર્ડધારકોને વધુમાં વધુ ૮ લિટર મુજબ નિયત કરેલ વિતરણ પ્રમાણ મુજબ માસિક ધોરણે કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે.

**કેરોસીન ઉપાડની સમયસુચિ:**

કેરોસીનનો જથ્થો માસના પ્રથમ દિવસથી ઉપાડી વિતરણમાં મુકવામાં આવે છે. કાર્ડધારકોને સમયસર જથ્થો મળી રહે તે માટે ઉપાડ માટેની સમયસુચિ નિર્ધારિત કરવામાં આવેલ છે જે મુજબ કેરોસીનના એજન્ટો દ્વારા તેમને ફાળવવામાં આવેલ જથ્થા પૈકી તારીખ ૧૦મી સુધીમાં ૪૫% અને તારીખ ૨૦ સુધીમાં પૂરેપૂરો જથ્થો ઉપાડ કરી, સમયસર વિતરણમાં મૂકાય તેવું આયોજન રાખવા જીલ્લા કલેક્ટરશ્રીઓને સૂચના આપવામાં આવી છે.

ડોરસ્ટેપ ડીલીવરી.

રાજ્ય સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ કેરોસીનના ડીલરો માસના પ્રથમ દિવસથી જ કેરોસીનના જથ્થાનો ઓઇલ કંપનીઓ ખાતેથી ઉપાડ કરી કેરોસીનના છૂટક વિક્રેતાઓ તથા વ્યાજબી ભાવના દુકાનદારોને અગાઉથી મંજુર કરાવેલ એડવાન્સ પ્રોગ્રામ મુજબ નિર્ધારીત રૂટ પ્રમાણે તેઓને ડોરસ્ટેપ ડીલેવરી મુજબ તેઓના ધંધાના સ્થળે બેઠા જથ્થો પહોંચતો કરે છે.

કેરોસીનનું વિતરણ સુવ્યવસ્થિત રીતે થાય તે માટે રાજ્યમાં તા. ૩૧/૦૩/૨૦૧૪ ની સ્થિતિએ ૪૪૮ એજન્ટો, ૧૬,૨૯૦ કેરોસીન વિતરણ કરતી વાજબી ભાવની દુકાનો, ૪૭૨૭ છૂટક વિક્રેતા અને ૧૯૦૦ ફેરીયાઓ કેરોસીન વિતરણ કાર્યમાં જોડાયેલા છે.

OIL CO.WISE PETROL-DISEL PUMP As on Jan.-2014

| Sr.No. | District Name | Public Sector Under taking Oil Companies | | | | Reliaance | Essar | Shell | Grand |
